1. ટેકનોલોજીનું મુલ્યાંકન કાર્ય હાથ ધરવાનું છે તેનું વિવરણ –
   ∩ પધ્ધતિ (જે અંગ્રેજી ઉલ્ટા U પધ્ધતિ તરીકે પણ ઓળખાય છે.
2. ટેકનોલોજી અંગે જવા મુલ્યાંકન કાર્ય હાથ ધરવામાં આવેલ છેતે વિસ્તાર – ગામ – થારાવાડી, જિલ્લો – ભુજ (ગુજરાતી) ભારત
3. કેટલી વ્યક્તિઓ પર આ મુલ્યાંકન કાર્ય હાથ ધરવામાં આવેલ છે તે સંખ્યા – 1200
4. આ મુલ્યાંકન સર્વે ક્યારથી શરુ કરવામાં આવ્યો ? – 2006
5. ટેકનોલોજીની ડિઝાઇન / આયોજન કોના દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે ? તથા તેનું અમલીકરણ/ બાંધકામ કે રુપરેખા કોના દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

   પાંચ સભ્યોની બનેલી સમિતિ દ્વારા જેમાં નીચેના વ્યક્તિઓના સમાવેશ થાય છે.

   (1). શ્રી મનસુખભાઇ
   (2). શ્રી વેલજીભાઇ અર્જુનભાઇ છાલિયા
   (3). શ્રી બાબુભાઇ પટેલ
   (4). શ્રી મેમાભાઇ
   (5). શ્રી નારાયણભાઇ તેજા
6. હાલમાં આ ટેકનોલોજીનીકામગીરી કે સંચાલન કોના હરકત છે ? પાણી સમિતિ પાસે
7. આ ટેકનોલોજીના અમલીકરણ દ્વારા કોઇ ચોક્કસ પ્રકારના માપદંડ કે ધોરણ ઉભા કરવાનો આશય છે ? જો હોય તો જણાવો.
8. તેનો આશય શુધ્ધિજળ ન સમગ્ર ગ્રામવાસીઓએ પુરતા પ્રમાણમાં અને એકસમાન રીતે વિતરણ કરવાનો છે.
9. આ કાર્ય અંગેના તથા દૈનિક સારસંભાળ અંગેના કોઇ ડેટા કે માહિતી ઉપલબ્ધ છે ખરી ?

   હા – (પ્રત્યેક ઘર દીઠ દૈનિક લગભગ 500 લિટર જેટલો પાણી પુરવઠો પહોંચાડવામાં આવે છે. આ વિસ્તારમાં પાણીની ગુણવત્તા હંમેશા શ્રેષ્ઠ રહી છે. પરંતુ ટેકનોલોજીમાં મુખ્ય ભાર એ તમામ ગ્રામવાસીઓને એક સરખા જથ્થામાં

પાણી મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવાનો છે. કારણકે અહીંના, અસમાન ભૃપૃષ્ઠ રચનાના કારણે, તમામ વિસ્તારોમાં એક સમાન પાણી મળતું નથી. અન્યથા પાણીની ગુણવત્તા હંમેશા શ્રેષ્ઠ રહી છે.)

10.વિકાસ કાર્ય સિધ્ધ કરવા માટે પસંદ કરવામાં આવેલ આ ટેકનોલોજીના ઉદભવ તથા વિકાસ અંગે ટૂંકમાં માહિતી દર્શાવો.

આ પારાવાડા ગામ એ ભુજ થી 70 કિ.મી. ના અંતરે આવેલ છે. આ ગામની વસ્તી 1000 જેટલી છે જે મુખ્યત્વે પટેલ સમુદાયની છે તથા બાકીની જ્ઞાતિઓમાં રબારી, બ્રાહ્મણ તથા એસસી, એસટી નો સમાવેશ થાય છે. સરકાર દ્વારા અહીં 1958 ના વર્ષથી પાણી પુરુ પાડવામાં આવે છે. અને આ વિસ્તારમાં આ રીતે પાણી મેળવનારને પ્રથમ ગામ છે પરંતુ અહીંની ભૃપૃષ્ઠ અસમાન છે. ખાડા ટેકરાવાળા ભાગોના કારણે, ઉંચાણવાળા સ્થળો પર એક સરખા દબાણથી પાણી મળતું નથી. વરણી ગામમાં આજ પ્રશ્નના નિવારણ માટે ∩ ટેકનોલોજીની સ્થાપનાના સફળ ઉદાહરણ ને જોઇ થારાવાડી ગામના લોકોએ આ ટેકનોલોજી અપનાવવા માટે એક મીટીંગનું આયોજન કર્યું. પરંતુ અહીં પટેલ સમુદાય સિવાયના અન્ય લોકોએ પૈસા એકદમ કરવાની વાત સામે વિરોધ નોંધાવ્યો શરુઆતમાં સરકારર દ્વારા પાણી વિતરણ સામે, પ્રત્યેક વ્યક્તિદીઠ વાર્ષિક 14 છે. જેટલી રકમ જમા કરાવવાનું નિર્ધારિત કરવામાં આવ્યુ હતું પરંતુ આટલી નાની રકમ હોવા છતાં, લોકો બિલ ભરવાનું દાળતા અને છેવટે તેઓએ મફત વ્યવસ્થા અપનાવવાની આદત પાડી દીધી. પટેલ સમુદાય સિવાયના લોકોએ ∩ ટેકનોલોજીના અનેક ફાયદા તેવા છતા પૈસા ઉઘરાવવાના તે મુદા પર વિરોધ નોંધાવ્યો અહીં પણ વરણી ગામની પધ્ધતિ પ્રમાણે એક ઉંચા સ્થળ પર ટાંકીનું બાંધકામ કરવામાં આવ્યું અને આ ટેકનોલોજીમાં વપરાતી ∩ ટ્યુબ, પટેલ સમુદાયની વસ્તી વાળી શેરીઓમાં ગોઠવવામાં આવી. બોરની નજીક ઉંચા સ્થળ પર ટાંકીના બાંધકામના કારે, જ્યારે વીજપ્રવાહ ઉપલબ્ધ ન હોય તો પણ પાણી પુરવઠો, યોગ્ય દબાણથી મળી રહેતો. અને આ રીતે કુલ 10 ∩ ટયુબ ગોઠવવામાં આવી. આ અભિયાનમાં પ્રત્યેક વ્યક્તિ દીઠ 200 રૂ. ઉઘરાવીને કુલ 90,000 એકથી કરવામાં આવ્યા આ પ્રોજેક્ટમાં કુલ ખર્ચ 7.50

લાખ છે. અને તેના મર્યાદિત અમલીકરણના કારણે આ ગામમાં એક ઉપયોગી ટેકનોલોજી અસફળ બની રહી.

તબકકો – 2 મુલ્યાંકન

મુલાકાતની તારીખ – 16 ઓગષ્ટ થી 1 સપ્ટેમ્બર 2008 મુલાકાત લેનાર નિષ્ણાતનું નામ – શ્રી સુબુધકુમાર બિશ્નોઇ ટેકનોલોજીના અમલીકરણ માટે જે લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવેલ છે તે ઉપયોગી તથા સિધ્ધ (સફળ) થાય છે. છે નહીં તે અંગે પ્રાથમિક તપાસના તારણો

| નિર્ધારિત ફાયદાઓ | સૂચકાંક | માપનની પધ્ધતિ |
|---|---|---|
| વીજબચત (આ ટેકનોલોજી દ્વારા માત્ર 6 જ કલાકમાં આખા ગામમાં પાણી પુરુ પાડી શકાય છે. અગાઉ તેના માટે 16 કલાક જેટલો સમય થતો તેથી અહીં 10 કલાલ જેટલો સમય ઓછો થાય છે અને વીજ વપરાશ અડધી થઇ ગયેલ છે. | પાણી પુરુ પાડવામાં ઓછો સમય લાગે છે. (સરકાર દ્વારા વીજળી મફત પુરી પાડવામાં આવતી હોઇ અહીં કોઇ વીજ માપનની મીટર મુકવામાં આવેલ નથી પરંતુ ઓછો સમય એટલે કે મોટર વપરાશનો સમય ઘટી જાય છે. | |
| પ્રત્યેક ઘર દીઠ એકસમાન પાણીના પુરવઠાની આપૂર્તિ | પાણી પુરુ પાડતી વખતે પાણીના પ્રવાહનો વેગ | માપન માટે 10 લિટરની ડોલ ભરવામાં પ્રત્યેક ઘર એક સમાન સમય લાગે છે તેની તપાસ |
| ટેકનીકલ રીતે કાર્યસંચાલન | પાછલા બે વર્ષથી આ પધ્ધતિથી કાર્ય સંચાલન | નિષ્ણાતની મુલાકાત દ્વારા |
| સ્થાનિક સમુદાય દ્વારા | લોકોને કાયમી ધોરણે | |

| | | |
|---|---|---|
| સ્વીકૃતી | કેટલો પાણીનો પુરવઠો મળી રહે છે અથવા ક્યારેય મળ્યો નથી | |

| અનપેક્ષીત ફાયદાઓ | સૂચકાંક | માપનની પધ્ધતિ |
|---|---|---|
| કૌટુંબિક સ્વાસ્થ્યમાં સુધારો | ઉચ્ચ ગુણવત્તાવાળા પાણીના કારણે પાણીજન્ય રોગોમાં ઘટાડો | |
| ગ્રામજનો વચ્ચે થતી તકરારમાં ઘટાડો તથા સદભાવયુક્ત વાતાવરણનું નિર્માણ | | |
| ભુગર્ભજળ સ્તર ઉંચુ આવવાના કારણે પર્યાવરણમાં ફાયદો | ∩ ટ્યુબની સ્થાપના બાદ ગામનીજમીનમાં ભુગર્ભજળસ્તર ઉંચુ આવેલ છે. | |

**તપાસના પરિણામો**

| નિર્ધારિત ફાયદાઓ | સૂચકાંક | સિધ્ધ થાય છે હા/ના | સૂચનો (સૂચકાંકનો ઉપયોગ કરીને સૂચનો રજુ કરેલ છે. |
|---|---|---|---|
| પ્રત્યેક ઘરમાં એક સરખા પાણીનો પુરવઠો પહોંચાડવામાં આવે છે | | હા | પ્રત્યેક ઘરમાં 10 લિટરની પાણીની ડોલ ભરવામાં 1 મિનિટ જેટલો સમય લાગે છે. |
| ટેકનીકલ રીતે કાર્ય સંચાલન | હા | | કેટલાક પાઇપમાં ભંગાણ પડવાના બનાવોને બાદ |

| | | | |
|---|---|---|---|
| | | | કરતા આ પધ્ધતિ ઘણી જ શ્રેષ્ઠ રીતે કામગીરી બજાવી રહી છે. |
| સ્થાનિક સમુદાય દ્વારા સ્વીકૃતી | હા | | ઉપભોક્તા આ પધ્ધતિથી ખુબ સંતુષ્ટ છે અને તેને એક સફળતા જણાવે છે. |
| જળ સંગ્રહ | | હા | અગાઉ સમગ્ર ગામમાં પાણી પહોંચાડવામાં 16 કલાક જેટલો સમય થતો હતો જેની સામે હાલમાં પ્રતિદીન માત્ર 6 કલાક જેટલો સમય થાય છે. |
| ઉર્જા બચત કરી આપતી પધ્ધતિ | | હા | સરકાર દ્વારા આ પધ્ધતિ માટે, મફત વીજપુરવઠો પુરો પાડવામાં આવતો હોઇ વીજ મીટર ઉપલબ્ધ નથી પરંતુ અગાઉ પ્રતિદીન 16 કલાક જેટલો સમય મોટર ચાલુ રહેતી જે હાલમાં ઘટીને 6 કલાક પ્રતિદીન વપરાશ થાય છે. |
| મચ્છરોના ઉપદ્રવમાં ઘટાડો | હા | | |

**સ્થાનિક લોકો દ્વારા સૂચનો**

| ઉપભોક્તા સમૂહ | પરિણામો / સૂચનો |
|---|---|
| શ્રી મારમશી કિશનભાઇ ઘોરુ | અમે પાણીને લઇને કેટલીક સમસ્યા ભોગવી રહ્યા છે અમારા ગામમાં ચોક્કસ સમૂહના લોકો માટે વ્યવસ્થિત પાણી પુરવઠો |

| | |
|---|---|
| (57 વર્ષ) | મળી રહે છે. વરલી પાણી સમિતિ જેવી કોઇ વિતરણ વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો તમામને આ પ્રશ્નમાં રાહત રહેશે. |
| શ્રી પ્રવીણ રામજીભાઇ ભગત (45 વર્ષ) ∩ ટ્યુબ ઓપરેટર | અમે આ ટેકનોલોજીના કારણે હાલમાં પુરતુ પાણી મેળવી રહ્યા છે. પરંતુ અહીંના પાણીમાં ઝેરી પ્રદુષણયુક્ત દ્રવ્યો હોવાથી જળશુધ્ધિ કરણની કોઇ વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો સારુ જેવી શુધ્ધ પાણી પણ મળી રહે અને રોગોમાં ઘટાડો થાય. ઉપરાંત ગામમાં પાણીનો સંગ્રહ પણ અપૂરતો છે. આથી ગામમાં પાણીના સંગ્રહની વિશાળ ટાંકી બાંધવામાં આવે તો સારુ કે જેથી ગ્રામજનોને પુરતુ અને સમયસર પાણી મળી રહે. |
| શ્રી વેલજીભાઇ રામાભાઇ | પાણીના પુરવઠા ને લઇને અમારે ઘણા જ પ્રશ્નો છે. પાણીનો પુરવઠો તમામ જગયાએ એકસરખો નથી ક્યાંક સારી માત્રામાં તો ક્યાંક ઘણું ઓછુ પાણી આવે છે. તેથી દરેક વ્યક્તિને યોગ્ય પાણી મળતું નથી. |
| મનસુખભાઇ રામજીભાઇ (20 વર્ષ) | જો કોઇ ભેદભાવ વિના તમામ ગ્રામજનોને એકસમાન પાણીનો પુરવઠો આપવામાં આવે તો પાણીને લઇને અમારી સમસ્યા દૂર થઇ શકે તેમ છે. |
| શ્રી વેલજીભાઇ અર્જુનભાઇ છાબિયા (70 વર્ષ) | જો ગામના તમામ લોકો, ગામના વિકાસ માટે સંપીને આ પધ્ધતિ અપનાવે તો બધાને ફાયદો થાય. જો તેમ શક્ય બને તો અને આગળ નવીન સુધારા વધારા કે વરલી ગામ જેવી ગટર વ્યવસ્થાના આયોજન અંગે પણ વીચારી શકીએ. |
| શ્રી ગોવિંદભાઇ બચીભાઇ | અમારા ગામમાં વર્ષોથી પાણીના પ્રશ્નો રહ્યા છે અને પાણીની ગુણવત્તા પણ શુધ્ધ ન હોવાની કારણે પાણીજન્ય રોગો ફેલાય છે. પરંતુ આ ટેકનોલોજી અપનાવ્યા બાદ અમારી શેરીઓમાં હવે વધુ સ્વચ્છતા અને સદભાવના જોઇ શકાય છે. |
| શ્રી બાબુભાઇ પટેલ (45 વર્ષ) સરપંચ તથા પ્રમુખ પાણી | અમારા ગામમાં ∩ ટ્યુબનો વપરાશ ધરાવતા વિસ્તારમાં પાણીની સમસ્યા દુર થઇ ગયેલ છે. પરંતુ જ્યાં આ પધ્ધતિ અપનાવવામાં આવેલ નથી ત્યાં પધ્ધતિ અપનાવવામાં આવેલ નથી ત્યાં હજી પાણીના પ્રશ્નો જોવા મળે છે. |

| | |
|---|---|
| સમિતિ | |
| શ્રી વેલજીભાઇ નારાયણભાઇ તેજા (60 વર્ષ) | આ પધ્ધતિથી ગામમાં પાણી પુરવઠાની પધ્ધતિ બદલાઇ ગઇ છે. તેનાથી પાણી તેમજ વીજવપરાશમાં બચત થાય છે. જો કે અમારા ગામમાં, સરકાર દ્વારા વર્ષોથી પાણી પહોંચાડવાની વ્યવસ્થા છે જ પરંતુ તેનાથી, એકસમાન અને નિયમિત પાણી પુરવઠો મળી રાહતો શકતો નથી. આથી જો તમામ ગ્રામજનો, એક થઇને વરલી ગામની જેમ આ ટેકનોલોજી અપનાવે તો તમામને ફાયદો થાય તેમ છે. |

ઉપભોક્તાઓના વિચારોની સારણી

વ્યક્તિગત મુલાકાત તથા સમૂહ ચર્ચા આધારિત વિવરણ

પ્રશ્નો

સમૂહ – 1

શ્રી શામજીભાઇ ભગત (45 વર્ષ) ∩ ટ્યુબ પધ્ધતિના ઓપરેટર

| પ્રશ્ન | પરિણામ / સૂચનો |
|---|---|
| પ્ર-1 | હા. આ પધ્ધતિ તમામ ગ્રામજનો માટે શ્રેષ્ઠ છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | અમારા ગામમાં પાણીમાં ઝેરી અને પ્રદુષિત દ્રવ્યો જોવા મળે છે. આથી જળશુધ્ધિકરણની કોઇ ટેકનોલોજી અપનાવવામાં આવે તો તેનાથી શુધ્ધિ પાણી મળી શકશે તથા પાણીજન્ય રોગોમાં પણ ઘટાડો થશે. ઉપરાંત ગામમાં પાણીનો સંગ્રહ પણ અત્યંત ઓછી માત્રામાં થઇ શકે છે. આથી ગામમાં એક વિશાળ જળસંગ્રહ ટાંકીનું નિર્માણ કરવામાં આવે તો તમામને એકસમાન અને પુરતું પાણી મળી રહે. |
| પ્ર-5 | તમામ લોકોને એક સમાન પાણી મળી રહે છે અને તેના માટે પ્રતિમાસ 5 રૂ. ચૂકવવાના આવે છે. જે તદન વ્યાજબી છે. |

| | |
|---|---|
| પ્ર-6 | આ પધ્ધતિના દુરુપયોગ અંગેના કેટલાક બનાવો ધ્યાનમાં આવેલ છે અને, પ્રથમ વખત જે તે વ્યક્તિને નોટીસ આપીને જો તે દુરુપયોગ ચાલુ રહે અને માને તો તેનું જોડાઇ કાપવા સુધીની જોગવાઇ છે. |

શ્રી વેલજીભાઇ અર્જુનભાઇ છાબિયા ( 70 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | હા, પરંતુ મારા મતે, સમગ્ર ગ્રામજનોએ આ પધ્ધતિ અપનાવવી જોઇએ |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | સરકાર દ્વારા ગરીબ કુટુંબોને રાહત મળે તે માટે વધુ નાણાંકીય સહાયતા પુરી પાડવી જોઇએ. |
| પ્ર-5 | હા. પરંતુ કદાચ તમામ લોકો આ દરન વ્યાજબી માનતા નથી. |
| પ્ર-6 | ના |

શ્રી ગોવિંદભાઇ બછી (45 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | હા. આ પધ્ધતિથી અમારા ગ્રામજનોના જીવનધોરણ સુધર્યા છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | ઠીક છે |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |

શ્રી બાબુભાઇ પટેલ (49 વર્ષ) સરપંચ તથા પ્રમુખ (પાણી સમિતિ)

| | |
|---|---|
| પ્ર-1 | હા આ અત્યંત લાભદાયી તથા સફળ પરિક્ષણ થઇ ચુકેલ પધ્ધતિ |

| | |
|---|---|
| | છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | સરપંચ હોવાના નાતે, હું ઇચ્છું છું કે જો સરકાર દ્વારા આ ટેકનોલોજી માટે 100% અનુદાન મળે તો વધુ સારુ |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | કોઇ દુરુપયોગ અંગે જાણ નથી પરંતુ દુરુપયોગ ન થાય તે માટે શિક્ષાની જોગવાઇ છે. |

શ્રી નારાયણભાઇ તેજા (60 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | હા તે એક શ્રેષ્ઠ ટેકનોલોજી છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | સમગ્ર ગામ દ્વારા આ ટેકનોલોજી અપનાવવી જોઇએ કે જેથી તમામને પુરતુ પાણી મળી રહે તથા, પાણીનો બગાડ થતો અટકી શકે અને જળસંગ્રહ પણ થઇ શકે. |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |

શ્રી દિલીપભાઇ પટેલ (39 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | હા |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના પરંતુ ક્યારેક તે ટેકનોલોજી મોંઘી પડે છે |
| પ્ર-4 | સમાજના તમામ વર્ગોને ધ્યાનમાં રાખી તેની કિંમતમાં ઘટાડો કરવો જોઇએ |
| પ્ર-5 | હા. તેની કિંમતમાં ઘટાડો કરવો જોઇએ શરુઆતનો થોડા સમય |

| | |
|---|---|
| | સુધી તેની કિંમત ઓછી રાખવી જોઇએ. |
| પ્ર-6 | ના |

સમૂહ – 2

શ્રી મનસુખભાઇ રામજીભાઇ (20 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | ના |
| પ્ર-2 | ના |
| પ્ર-3 | તે ભેદભાવયુક્ત વિતરણ વ્યવસ્થા |
| પ્ર-4 | તેની કિંમતના ઘટાડો કરવો જોઇએ અને કેટલાક અત્યંત ગરીબ કુટુંબો કે જે આટલી નાની રકમ પણ ભરપાઇ કરી શકે તેન નથી તેમના માટે કોઇ રાહત વ્યવસ્થા રાખવી જોઇએ |
| પ્ર-5 | ના |
| પ્ર-6 | ના |

શ્રી વેલાભાઇ રામાભાઇ (50 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | ના |
| પ્ર-2 | ના |
| પ્ર-3 | તેની કિંમત |
| પ્ર-4 | તે માત્ર કોઇ એક જ સમુદાય માટે બનાવવામાં આવેલ હોય તેવું લાગી રહ્યુ છે. |
| પ્ર-5 | ગરીબ લોકો તેનો ફાયદો મેળવી શકે તેમ નથી. |
| પ્ર-6 | હું ઉપભોક્તા ન હોવાથી તેના કોઇ દુરુપયોગ અંગે જાણ નથી. |

શ્રી મરમશી કિશનભાઇ ઘોરુ (57 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | વરલી ગામની જેમ જો આ ટેકનોલોજી સમગ્ર ગામમાં અપનાવવામાં આવે તો તમામ ગ્રામજનોને તેનો લાભ મળી શકે |

| | |
|---|---|
| પ્ર-2 | ના |
| પ્ર-3 | તેની કિંમત |
| પ્ર-4 | આ વ્યવસ્થામાં લોકોને તેમની આર્થિક કક્ષાને ધ્યાનમાં રાખી નાણાં ઉઘરાવવા જોઇએ જો કોઇ ગરીબ કુટુંબો, એ તેમની ભાગે પડતી રકમ ભરી શકવા સમર્થ ન હોય તો, સધ્ધર કુટુંબો દ્વારા લોકહીતમાં તેમના માટે સહાય કે વળતર પુરુ પાડવું જોઇએ. |
| પ્ર-5 | ના |
| પ્ર-6 | આ અંગે કોઇ જાણકારી નથી |

શ્રી રાજેશભાઇ રબારી (31 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | ના |
| પ્ર-2 | ના |
| પ્ર-3 | પરિવારની નબળી આર્થિક સ્થિતિ |
| પ્ર-4 | તેની કિંમત |
| પ્ર-5 | કોઇ જાણકારી નથી |
| પ્ર-6 | કોઇ જાણકારી નથી |